ગાંધીનગર સમાચાર
તા. ૬-૬-૨૦૧૫, શનિવાર

તંત્રી સ્થાનેથી....

બાળકોના બાળપણના ભોગે કેરિયર?

છેલ્લાં કેટલાંક વર્ષોથી બાળકોના કુમળા માનસ સાથે એવા ક્રૂર અખતરા કરાતા રહ્યા છે કે એને સતત અદ્ધર જીવે રહેવું પડે છે. પરીક્ષાનું ભૂત એનો પૂછો છોડતું નથી. વહેલી સવારે ઊઠીને કાં તો એ ઉતાવલે ટ્યૂશન કલાસ ભણી દોટ મૂકે છે અતવા મોંઘી દાટ શાળાના કલાસરુમમાં પુરાઇ જાય છે. શિક્ષણનો પવિત્ર વ્યવસાય રીતસર ઉદ્યોગમાં ફેરવાઇ ગયો છે. ગરીબ માતાપિતા પણ પેટે પાટા બાંધીને એમના બાળકને કહેવાતી 'બેસ્ટમાં બેસ્ટ' શાળામાં પ્રવેશ અપાવવા આકાશપાતાળ એક કરી મૂકે છે. શાળા જો 'ડે સ્કૂલ' હોય તો બાળકને ટ્યૂશન કલાસમાં મૂકવાની જરુર નહીં, પરંતુ આ ડે સ્કૂલો તો નર્યો વિદ્યાનો વેપરો માંડીને બેઠી હોય છે. એમની મોંઘીદાટ ફી ગરીબ અને મધ્યમવર્ગના વાલીઓને પોસાઇ શકે એમ નથી હોતી. એટલે બીજા વિકલ્પ તરીકે પરંપરાગત ઉત્તમ શાળાની ઇમેજ ધરાવતી શાળાઓ ભણી મીટ માંડવી પડે છે. એમનાં પ્રવેશ ધોરણો એટલાં ઊંચા હોય છે કે ઘણાં બધાં બાળકોને નિરાશ થવું પડે છે. હવે કાં તો એનો વાલી લાખો રૂપિયા ખરચીને એને પેલી 'ઍચીવર' કે 'ઇન્ટરનેશનલ' સ્કૂલમાં દાખલ કરાવે અથવા રામભરોસે ચાલુ શાળામાં દાખલ કરી એની કેરિયરનાં સપનાં જોવાનું બંધ કરે! આ 'કેરિયર' નામની ઝેરીલી નાગણનાં કામણ એવાં વસમાં છે કે લોકો આંધળા ભીંત બની એની પાછળ ખુવાર થતા રહે છે. શિક્ષણ હવે શિક્ષણ રહ્યું જ નથી - એ એક પ્રકારની ઉંદરદોડમાં ફેરવાઇ ગયું છે. એમાં એકલો વિદ્યાર્થી જ નહીં, એનું આખેઆખું ઘર દોડતું રહે છે. ગ્રામ વિસ્તારોમાં કેરિયરની ભૂખ સૌથી વિશેષ પ્રમાણમાં વિસ્તરી રહી છે. લોકો એમના ખેતી અને પશુપાલનના પરંપરાગત ધંધાથી દૂર ભાગી રહ્યા છે. પોતે તો ભણ્યા નહીં પણ છોકરાને ભણાવી-ગણાવીને ઊજળા વ્યવસાયમાં કે ઊંચા પગારની નોકરીમાં ઘુસાડીને, એવા વલણ સાથે વાલીઓ એમનાં બાળકોને શહેરોમાં આવેલી પ્રતિષ્ઠિત શાળાઓમાં દાખલ કરાવવા આકાશપાતાળ એક કરી મૂકે છે. મા-બાપ કે દાદા-દાદી પૈકી કોઇ એક વડીલ શહેરમાં ભાડાનું મકાન રાખી બાળકની સાથે રહે છે. આમ આ નવી શિક્ષણ ઘેલછાએ બાળકોનું બાળપણ તો છીનવી જ લીધું છે, સાથે જ લોકોનું પારિવારિક જીવન પણ છિન્નભિન્ન કરી દીધું. તાજેતરમાં હાયર સેકંડરી અને એસએસસીનાં પરિણામો બહાર પડ્યાં છે. વિજ્ઞાનપ્રવાહનું પરિણામ ઊંચું આવ્યું છે એ અથવા સરકારે મજબૂરીવશ એના મળતિયાંઓ દ્વારા શરુ કરાયેલાં શિક્ષણનાં કારખાનાં ચાલુ રાખવા માટે ઊંચું આપવું પડ્યું છે. પરંતુ દસમા ધોરણનું પરિણામ ગયાં વર્ષોની સરખામણીએ નીચું આવ્યું છે. વિદ્યાર્થીની રસરૂચિ જોયા વગર એને મેડિકલ, આઇ.ટી. કે ઇજનેરી શાખામાં જ પ્રવેશ મેળવી આપવાનું લક્ષ્યાંક રાખતાં માતાપિતા કયારેક અજાણતાં જ એનું અહિત કરી બેસતાં હોય છે. બાળક તો બિચારું એના માતાપિતા અને શિક્ષકોની ઇચ્છાનુસાર ધકેલાતું જાય, પરંતુ એને એની રુચિના વિષયમાં આગળ જવા દેવાય તો કેવું હોંશે હોંશે ભણે! આ મુદ્દો સાવ જ હાંસિયે ધકેલાઇ જાય છે અને ફક્ત આર્થિક સમૃદ્ધિની 'કેરિયર' જ કેન્દ્ર સ્થાને રહે છે. એથી બાળકનો કુદરતી વિકાસ રૂંધાય છે, એ ગોખણિયું બની જાય છે અને આખરે એક સમયનું 'જિનિયસ' કક્ષાનું છોકરું માંડ માંડ તબીબી - ઇજનેરીની ડિગ્રી હાંસલ કરી એની પાછળ થયેલ અઢળક ખર્ચનું વળતર મેળવવા અનૈતિક રસ્તા અપનાવતું થઇ જાય છે. એને એની રૂચિ મુજબનો વિષય લેવા દેવાયો હોત તો ઓછી મહેનતે એ મોટી સિદ્ધિ હાંસલ કરી શક્યો હોત. શું આપણને ફક્ત તબીબો-આઇટી ઇજનેરો જ ખપે છે? દેશને ઉત્તમ સનદી અધિકારીઓ, શ્રેષ્ઠ વિચારકો, વૈજ્ઞાનિકો, લેખકો કે કલાકારોની જરુર જ નથી? બાળકોનું બાળપણ છીનવાઇ છે એની સાથે જ દેશનું ભવિષ્ય પણ ઝંખવાતું જાય છે. શિક્ષણનાં કારખાનાં પર કડક નજર રાખવાની સરકારની પણ ફરજ બની જાય છે. આપણાં નેતાઓ અને શિક્ષણવિદોએ આ મુદ્દે લોકજાગૃતિ ઝુંબેશ શરુ કરવાનો સમય પાકી ગયો છે.

કલોરેક્ષ સ્કુલે વિશ્વ પર્યાવરણ દિવસ મનાવ્યો

કલોરેક્ષ પબ્લિક સ્કુલ દ્વારા ગાંધીનગરમાં આજે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. બાળકમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે અને ખરેખર પર્યાવરણનું મહત્વ સમજે તે હેતુથી બાળકોના હાથે વૃક્ષ વાવેતર કરાયું હતું. એક હજાર રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રિન્સિપાલ, જેમી જેમ્સ, ફાલુન વોરા, ઈન્દ્રવદનસિંહ સહિત મોટી સંખ્યામાં બાળકોના માતા પિતા ઉપસ્થિત રહ્યા હતાં.

ગાંધીનગરમાં ૭ જૂને પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં દર મહિનાના પહેલા રવિવારે પુસ્તકોના આદાન-પ્રદાનના સેતુરૂપ પુસ્તક પરબનો કાર્યક્રમ છેલ્લા દોઢ વર્ષથી યોજાય છે. આગામી રવિવાર તા. ૭-૬-૨૦૧૫ના રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમ્યાન ઘ-૪ સર્કલ, ઉદ્યોગ ભવન પાસે (ઘ-રોડ), ગાંધીનગર ખાતે પુસ્તક પરબ યોજાનાર છે.

માતૃભાષા અભિયાન, અમદાવાદના ઉપક્રમે અને આત્મન્ ફાઉન્ડેશનના સહયોગમાં આ પુસ્તક પરબ યોજવામાં આવે છે. માતૃભાષા ગુજરાતીનું ગૌરવ વધે, સારાં પુસ્તકો, સારા સાહિત્યનો સમાજમાં પ્રસાર થાય, વિદ્યાર્થીઓ-યુવા પેઢીમાં વાંચનની ટેવ વિકસે એવા ઉમદા હેતુથી પુસ્તક પરબ યોજવામાં આવે છે. પુસ્તક પરબની મુલાકાતે આવનાર વ્યક્તિ ઉપલબ્ધ પુસ્તકોમાંથી કોઈ પણ બે પુસ્તક તથા બે-ત્રણ સામયિક વિના મૂલ્યે ભેટમાં વાંચવા લઈ જઈ શકે છે. ગાંધીનગરના ઘણા મહાનુભાવો પુસ્તકો ભેટમાં આપીને આ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપી રહ્યા છે. પ્રતિ માસ લગભગ ૧૦૦ ઉપરાંત વ્યક્તિઓ પુસ્તક પરબની મુલાકાત લઈ અંદાજે ૨૫૦ ઉપરાંત પુસ્તકોનું આદાન-પ્રદાન કરે છે.

પંચાયત સેવા પસંદગીની પરીક્ષાના ઉમેદવારોને શુભેચ્છા પાઠવતા જિલ્લા પંચાયત પ્રમુખ

ગાંધીનગર, તા. ૫

જિલ્લામાં આજે પંચાયત સેવા પસંદગી સમિતિ દ્વારા અલગ અલગ જગ્યાઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. હજ્જારો શિક્ષિત બેરોજગાર યુવક યુવતિઓ આજે પરીક્ષા આપશે.

જિલ્લામાં આજે હજ્જારો શિક્ષિત બેરોજગાર યુવાનો પંચાયત સેવા પસંદગીની ખાલી પડેલી જગ્યાઓ માટે પરીક્ષા આપશે. આજે દરેક ક્ષેત્રમાં ગળાકાપ સ્પર્ધા ચાલે છે. યુવાનો સરકારી કર્મચારી બનવા માટે રાત-દિવસ એક કરી અથાગ મહેનત કરી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ હિનાબેન પટેલે પરીક્ષા માટે શુભકામનાઓ પાઠવી છે. તેમણે જણાવ્યું છે કે આ પરીક્ષા આપના જીવન માટે ઘણી ઉપયોગી છે. માટે પરીક્ષામાં ખુબજ મહેનત કરી ઉત્તીર્ણ થાઓ તેવી મારી શુભકામનાઓ છે.

જિલ્લાનો આજના ટેકનોલોજીથી સજ્જ યુવાનો મળે તેમજ જિલ્લાની સેવા માટે આપનુ શ્રેષ્ઠ યોગદાન મળી રહે તેવું ઈશ્વરને પ્રાથુ છુ.

હરિની દૃષ્ટિ...

બહેન ગુજરાતમાં બાળકો મોટા પ્રમાણમાં નૂડલ્સ ખાય છે છતાં કૂપોષણ ધરાવે છે... અને બેન લગાવશું તો બાળકોમાં ભૂખમરો જોવા મળશે... !!

બીબીએ કોલેજમાં નવા વિદ્યાર્થીઓ માટે પાંચ દિવસની નાગરિક સરંક્ષણ તાલીમનું આયોજન

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના સે-૨ ઉમાં સર્વ વિદ્યાલય કેમ્પસની બીબીએ કોલેજમાં પ્રવેશ મેળવી રહેલા વિદ્યાર્થીઓ માટે પાંચ દિવસીય સિવીલ ડિફેન્સ ટ્રેનિંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ તાલીમ કોર્ષ દ્વારા વિદ્યાર્થીઓને ભવિષ્યની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ખુબ ઉપયોગી નિવડે શકે તેમ છે.

નાગરિક સરંક્ષણ કેન્દ્ર અને વન શ્રી નેચર કલબના સહયોગથી યોજાયેલ આ તાલીમ કોર્ષમાં વિદ્યાર્થીઓને પાંચ દિવસની ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. આ કાર્યક્રમને સફળ બનાવવા નાગરિક સરંક્ષણ કેન્દ્રના પી.આઈ. એમ.એમ. રાઠોડ, વનશ્રી નેચર કલબના અંજના નિમાવત અને ડૉ. મહાવીર નિમાવત, શહેર જાગૃત નાગરિક પરિષદના અરૂણભાઈ બુચ તથા કોલેજના આચાર્યા ડૉ. માર્ગી દેસાઈ જહેમત ઉઠાવી રહ્યા છે.

સોજા હાઈસ્કૂલનું ગૌરવ

ગાંધીનગર, તા. ૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ માર્ચ-૨૦૧૫ માધ્યમિક પરીક્ષા (એસ.એસ.સી.)નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. કલોલ તાલુકાની શૈક્ષણિક સેવાભાવી સંસ્થા 'શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા'નું માધ્યમિક શાળાનું (ધોરણ-૧૦) પરિણામ ૬૮.૩૮ ટકા જાહેર થયું છે. શાળાનો વિદ્યાર્થી ઠાકોર જીગર બાબુભાઈ ૮૦.૬૬ ટકા સાથે શાળામાં સર્વપ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. સોજા ગામ અને સોજા હાઈસ્કૂલને અનેરૂ ગૌરવ અને સન્માન અપાવનાર સદર અધ્યેતા વિદ્યાર્થીને સમગ્ર સારસ્વત મિત્રો, શાળા પરિવાર અને ગ્રામજનો તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિની શુભકામનાઓ પાઠવવામાં આવે છે.

ગેમી દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર સ્થિત ગુજરાત સરકારની સ્વાયત્ત સંસ્થા ગુજરાત એન્યવારમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયુટ (ગેમી) દ્વારા તેના સેકટર-૨૮ ખાતે આવેલા ગોડાઉનમાં સફાઈ અભિયાન હાથ ધરીને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગેમીના ડાયરેકટર ડૉ. સંજીવ ત્યાગી (આઈએફએસ) તથા ગેમીના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગેમી પર્યાવરણ જતન માટે સંશોધન ક્ષેત્રે કાર્યરત સંસ્થા છે.

અંધકારમય જીવન જીવતા આઠ વિદ્યાર્થીઓએ જીવનમાં પ્રકાશ પાથર્યો

સેક્ટર-૧૬ અંધશાળાના તમામ આઠ વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષામાં પાસ : શાળાનું ૧૦૦ ટકા પરિણામ

અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી. આ ઉક્તિને સેક્ટર-૧૬ અંધશાળાના વિદ્યાર્થીઓએ સાર્થક કરી બતાવી છે. પોતે અંધકારમાં જીવન જીવતા વિદ્યાર્થીઓએ પોતાના પરિણામ થકી જીવનમાં પ્રકાશ પાથર્યો છે. ધોરણ-૧૦ના તમામ વિદ્યાર્થીઓ બોર્ડમાં ઉત્તીર્ણ થતા શાળાનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-૧૦ પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારે સર્વિસ એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડ, સંચાલિત સેક્ટર-૧૬ સ્થિત અંધશાળા ગાંધીનગરના તમામ વિદ્યાર્થીઓએ ઉત્તીર્ણ થઈ જીવનમાં પ્રકાશ પાથર્યો છે.

શાળાના આઠ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. જેમાંથી તમામ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેમાં લાલાભાઈ ચૌહાણ, રાહુલકુમાર ઠાકોર, ગૌરાંગભાઈ શ્રીમાળી, મહેબૂબ શેખ, પ્રતિક પટેલ, શૈલેષ પારઘી, અનિલ કમજલીયા અને રવિરાજસિંહ ચાવડાએ ઉત્તીર્ણ થઈ શાળાનું ગૌરવ વધાર્યું છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ૯ વર્ષથી શાળા ૧૦૦ ટકા પરિણામ મેળવે છે.

પુરાની યાદેં... ગાતા રહે મેરા દિલ, તૂહી મેરી મંજીલ હાર્યેં... ની મસ્તાની શામ...

ઉઘડતે પડદે

સંજય થોરાત

hellogandhinagar@gmail.com

હિન્દી ફિલ્મ ગીતોના અનમોલ રતન જેવા સુપ્રસિદ્ધ ગીત-સંગીત મઢી સાંજે અફલાતૂન ગીતોની રમઝટ : સૌરાષ્ટ્ર-કચ્છ સમાજસેવા અને જુનિયર સિટીઝન કાઉન્સિલ આયોજિત કાર્યક્રમમાં સેવાની સુવાસના ગુણગાન સાથે સંગીતના પરમાનંદના મઘમઘાટથી શ્રોતાઓ રાજેશખન્ના-દેવાનંદ-દિલીપકુમાર-અમિતાભ બચ્ચન જેવા સુપરસ્ટારનાં જમાનાની યાદમાં સરી પડ્યાં

તાજમહલ, મુઘલે આઝમ, સત્યમ શિવમ સુંદરમ્, ગાઇડ, આરાધના, દો રાસ્તે, હંસતે જખ્મ, બીસ સાલ બાદ... જેવી અદ્‌ભૂત સંગીત મઢેલી ફિલ્મો... દિલીપ- દેવાનંદ - રાજેશ ખન્ના-રાજ કપૂર - બચ્ચન જેવાં કલાકારોનો યુગ... રોશન - લક્ષ્મી-પ્યારે, કલ્યાણજી-આણંદજી, રવિન્દ્ર જૈન, આર.ડી. બર્મન, એસ.ડી. બર્મન, મદન મોહન જેવા દિગ્ગઝ સંગીતકારો... શૈલેન્દ્ર, સાહિર લુધયાન્વી, હસરત જયપુરી, આનંદ બક્ષી, કોમર જલાલાબાદી જેવા ગીતકારો... રફી-લતા-આશા-મુકેશ-કિશોર-મન્નાડે જેવા ગાયકો... અને એમનાં સર્જાયેલા ગીતો એટલે એને અનમોલ રતન જ કહેવા પડે... એ આખાય યુગની 'પુરાની યાદેં'નો કાર્યક્રમ એટલે ગોરધનથાળની રસઝરતી થાળી...

ઇશ્વર સત્ય હૈ, સત્ય હી શિવ હૈ, શિવ હી સુંદર હૈ જેવા ભક્તિમય નરેન્દ્ર શર્માની રચના લક્ષ્મી-પ્યારેનું સંગીત અને રાજકપૂરની ફિલ્મ સત્યમ શિવમ્ સુંદરમ્ સાથે કાર્યક્રમથી રસમધુર શરુઆત.. આ ફિલ્મમાં હિરોઇન ઝિન્નત અમાનના સાઇડ ફેસ ઇફેક્ટની જમાવટ હજુ બધાને યાદ જ હશે... 'દોસ્તી' ફિલ્મના આમ તો બધાં જ ગીતો હીટ હતાં પણ એનું 'ચાહુંગા મૈં તુમ્હે સાંજ સવેરે, ફિર ભી કભી અબ નામ કો તેરે આવાજ મૈં ના દૂંગા' રફીનું ગીત અમર બની ગયું, આ ફિલ્મના કલાકારો સુશીલ કુમાર - સુધીર કુમાર ફરી કોઇ ફિલ્મમાં દેખાયાં જ નહીં એ પણ બોલીવુડની કમનસીબી જ કહેવાય ને?

'બોમ્બે ટૂ ગોવા' એટલે મહેમૂદની લૉ બજેટ હિટ ફિલ્મ, આખી ફિલ્મનું શુટીંગ એક બસમાં, બચ્ચનનો નવો અવતાર, અરૂણા ઇરાનીની એન્ટ્રી અને કિશોરનું ધમાલ ગીત - 'દેખાના હાય રે, સોચના હાય રે, રખદી નિશાને પેં જાન' રાજેન્દ્ર ક્રિષ્ન - આર.ડી. બર્મનની જોડીએ રંગ રાખ્યો... એ જ બચ્ચન 'અભિમાન'માં અલગ જ પારિવારિક આત્મ સન્માન, પ્રતિષ્ઠાના અહમ્ બતાવવા આવે અને એમાં જયા ભાદુરીની અદાકારી રંગ જમાવે લતાને અવાજ અને મઝરુહ સુલ્તાનપુરી - એસ.ડી. બર્મન 'અબ તો હૈ તુમસે હર ખુશી અપની, તુમપે મરના હૈ જિંદગી અપની' સાથે સંપૂર્ણ પકડ જમાવે... બંને ગીતો સુંદર અને રજૂઆત પણ મસ્ત...

સમાજસેવા સાથે સંકળાયેલી સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા અને જુનિયર સિટીઝન કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે આ વર્ષનો બીજો કાર્યક્રમ સાથે સૌનું સ્વાગત જયશ્રી ખેતિયાએ કરી સંચાલનસૂત્ર સંભાવ્યું, ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર હંસાબેન મોદી, ડે. મેયર કાર્તિક પટેલ, ગુડાના ચેરમેન આશિષ દવેનું લક્ષ્મણભાઇ કંસાર, દિનેશભાઇ વસાવડા, જી.પી. પટેલ, પ્રદીપ ગગલાણી, દશરથ પટેલ, નરેન્દ્ર મંડિર, કેતન ઘોળુ અને સી.એલ. મહેતા જેવા કાર્યકરોના હસ્તે કરવામાં આવ્યું... સૌરાષ્ટ્ર - કચ્છ સમાજ સેવાના જીલુભા ધાંધલે આ કાર્યક્રમ આનંદ માટે નહીં પરમાનંદ માટે છે એટલે દાન-ભેટની ટહેલ નાંખી. આ પ્રસંગે ઇન્દુમતીબેન નિમાવતનું વિશેષ સન્માન કરવામાં આવ્યું...

'યુરાની યાદેં'ના કાર્યક્રમનું રસદર્શન કરાવતાં કિન્તુ ગઢવીએ પુનઃ સંગીતમય સંધ્યાનો દોર સાચવી લીધો... 'બીસ સાલ બાદ' ફિલ્મમાં વહિદાને ભૂત બતાવી છે અને એને ગીત પણ ગવડાવ્યું શકીલ-હેમંતદાનું સર્જન 'કહી દીપ જલે કહી દિલ, જરા દેખે લે આકર પરવાનેં' એવરગ્રીન ગીત સાથે દેવાનંદનું 'ખોયા ખોયા ચાંદ, ખૂલા આસમાન આંખોને સારી રાત જાયેગી' રફી-શૈલેન્દ્ર- એસ.ડી.ની રચના 'કાલા બજાર'નું ગીત જામી ગયું... રાજેશ ખન્ના-મુમતાજ પર ફિલ્માવેલું રફી-લત્તાનું એવરગ્રીન ડ્યુએટ 'છૂપ ગયે સારે નજારે ઓય કયા બાત હો ગઇ, તૂને કાજલ લગાયા દિનમેં રાત હો ગઇ...' ઢોલક-બોંગો-કોંગોના ઠેકાવાળું આ ગીત વન્સમોર કરાવી ગયું...

'પ્યાર કા મૌસમ' શશીકપૂર જેમાં મેંડોલિન લઇને ગીત ગાય છે એ 'તુમ બની જાઉં કહાં કે દુનિયા મેં આકેં' રફી-મઝરૂહ - આર.ડી. ના ધમાલ ગીતે મજા કરાવી જેમાં મેંડોલિન આર્ટિસ્ટે સરસ ટૂંકડાં વગાડ્યાં... 'પ્રેમ પૂજારી' ફિલ્મમાં વહિદા રહેમાન - દેવઆનંદનું પાર્ટી સોંગ - 'રંગીલા રે તેરે રંગ મેં યું સજા હૈ મેરા મન, છલિયા રે, ના બુજે હૈ, કિસી જલસે યે જલન' લતા-એસ.ડી. - નિરજની જુગલબંધીનું મનલોભાવન સર્જન.... શક્લિ બદાયુની - નૌશાદ - રફી જેવા મુસ્લિમ કલાકારોનું હિન્દી ગીત કે શાસ્ત્રીય રાગ પર આધારિત એનું અદ્‌ભૂત સર્જન અને રુપેરી પરદે પણ દિલીપકુમાર જેવા દિગ્ગજે ભજવ્યું. 'મધુબનમેં રાધીકા નાચી રે, ગિરધર કી મુરલિયા બાજે રે' આ ગીતમાં ગાયક ચિરાગ દેસાઇ અને તબલા ઉસ્તાદ પાર્થ ખરેખર જાન રેડી દીધી, સંગીતની ચરમસીમા જેવો અનુભવ, વાહ...

નૂતન-આશા પારેખની રુપેરી પડદે જોડી અને આનંદ બક્ષી - લક્ષ્મી પ્યારેનું ગીત 'મેં તૂલસી તેરે આંગન કી, કોઇ નહીં મેં તેરે સાજન કી' લતાનો અવાજ અને દર્દ બંને મહેસૂસ થાય... ફિલ્મ જગતની માઇલ સ્ટોન ફિલ્મ 'ગાઇડ' એસ.ડી. બર્મન - શૈલેન્દ્ર - લતા - કિશોરનું ગાયેલું ગીત 'ગાતા રહે મેરા દિલ, તું હી મેરી મંઝીલ હાર્યેં, કભી બીંતે ના યે રાતે, કભી બીતેંના યે દિન' આ ગીત પણ વન્સમોરથી ગૂંજ્યું અને કલાકારોએ શ્રોતાઓની ડિમાન્ડ પુરી કરી દીધી...

ગુજરાતી ગીત માટે શ્રોતાઓની માંગ ઉઠતાં નરેશ કનોડિયા - સ્નેહલતાનું સુપરડુપર ગીત કે જે દૂરદર્શનના પ્રશાંત કેદાર જાધવે લખેલું 'ઓઢણી ઓઢું ઓઢું ને ઉડી જાય, ના ના રે કહેવાય, ના નારે સહેવાય' મસ્ત સંગીત અને શ્રોતાઓની સતત તાળીઓ વચ્ચે જામ્યું અને સળંગ ગાયક શ્યામ ગઢવીએ 'મોર બની થનગાટ કરી, મન મોર બની થનગાટ કરે' મૂળ રવિન્દ્રનાથ ટાગોર અને બાદમાં ઝવેરચંદ મેઘાણીની સુવર્ણ રચનાને ગાઇ જમાવટ કરી દીધી અને છેલ્લે અષાઢ ઉચ્ચારમ્નો દોહો લલકારી એક ગુજરાતી વિભાગ સંપૂર્ણ કર્યો...

શશીકુમાર - રાખીનું 'બસેરા' ફિલ્મનું ગુલઝાર - આર.ડી. બર્મનનું ગીત જહાં પેં સવેરા હો બસેરા વહીં હૈ... સલિલ ચૌધરી - શૈલેન્દ્રની રચના અને 'મધુમતી' ફિલ્મનું ગીત આજા રે પરદેશી, મૈં તો કબસે ખડા ઇસ પાર યહ અખિયાં થક ગઇ પંથ નિહાર' બંને ગીતો મનલોભન બની રહ્યાં.. રાજેશ ખન્ના - શર્મિલા ટાગોરની ફિલ્મ 'અમરપ્રેમ' કિશોરનું અત્યંત હૃદયદ્રાવક સીધેસીધું ઉતરી જાય એવું ગીત 'ચિંગારી કોઇ ભડકે તો સાવન ઉસે બુજાયેં, સાવન જો અગન લગાયેં ઉસે કૌન બુઝાયેં.' ... રાગ શિવરંજની પર આધારીત આ ગીત ખરેખર માણવા લાયક રહ્યું...

આજના કાર્યક્રમની વિશેષતા એ હતી કે રફી, કિશોર, લતા એમ ત્રણ જણ માટે ક્ષણ સિંગર શ્યામ ગઢવી, ચિરાગ દેસાઇ અને ગાયત્રી ઉપાધ્યાય હતા અને આ ત્રણેય જણએ શ્રોતાઓને કયાંક કોઇ ઉણપ લાગવા દીધી નહીં... સંગીતમાં સંદિપ ક્રિશ્ચિયન ગાંધીનગર માટે નવાં નથી. એમનાં ઑરકેસ્ટ્રાના સૌ સાજીંદાઓ ખરેખર જ એકદમ સજ્જ, એમાંય રિધમ સાઇડ તબલાં, ઢોલક, કોંગો બોંગો, ડ્રમ વધુ મજબૂત, રિધમના જોર પર તો ગાયકો આપોઆપ સચવાઇ જાય....

બૈજુ બાવરા એટલે રફી, નૌશાદ, શકીલનું અદ્‌ભૂત કોમ્બિનેશન અને એનું ગીત 'આ દુનિયા કે રખેવાલે સૂન દર્દ ભરે મેરે નાલે, આસ નિરાસ કે દો રંગોમેં દુનિયા તૂને સજાઇ' અદ્‌ભૂત ગીત... 'હસીના માન જાયેગી' નું રફી-લતા ડ્યુએટ કલ્યાણજી-આણંદજીનું ગીત 'બેખુદીમેં સનમ ઉઠ ગયે જો કદમ, આ ગયે, આ ગયે, આ ગયે પાસ હમ...' 'દિલ્હી કા ઠગ' આશા કિશોર, શૈલેન્દ્ર-રવિનું ગીત 'યે રાતે યહ મૌસમ નદી કા કિનારા, યહ ચંચલ હવા' આ બધાં જ ગીતો એટલે ફિલ્મી સંગીતનો સુવર્ણકાળ...

ગોરખા ટોપી સાથે દાર્જીલીંગની ટૉયટ્રેનમાં માઉથ ઓર્ગનની મજા લેતું રાજેશ ખન્નાનું ગીત કિશોરની મસ્તી સાથે 'આરાધના'નું એસ.ડી.બર્મનની કમાલ એટલે 'મેરે સપનોં કી રાની કબ આયેગી તું, આઇ રૂત મસ્તાની કબ આયેગી તું...' કાંટો સે ખિંચકે યે આંચલ, તોડકે બંધન બાંધી પાયલ, કોઇના રોકો દિલ કી ઉડાન કો, આજ ફિર જીને કી તમન્ના હૈ' વાહ રવિન્દ્ર જૈન ગીતકાર - સંગીતકારનું શ્રેષ્ઠ સર્જન એની 'રામ તેરી ગંગા મેલી' નું 'ઇક રાધા, ઇક મીરાં, દોનોં ને શ્યામ કો ચાહા' બધાં જ ગીતો સ્મરણપટલ પર ફરી તાદૃશ્ય થઇ ગયા...

શાસ્ત્રીય સંગીત આધારિત ગીતોના ધૂઆંધાર રચયિતા એટલે રોશન, મન્નાડેના જે ગીતને ભીમસેન જોષીએ વખાણ્યું એ 'દિલ હી તો હૈ' નું શાસ્ત્રીય ગીતોનું શિરમોર સમાન ગીત 'લાગા ચૂનરી મેં દાગ છૂપાઉં કૈસે ઘર જાઉં કૈસે' અત્યાર સુધી કિશોરનો અવાજ આપતા શ્યામ ગઢવીએ ગાઇ એમની કમાલ બતાવી... ફરી એકવાર તબલાં ઉસ્તાદ છવાયેલો રહયો,ગીતના અંતિમ ભાગમાં સંગીતકારોની મહેનત રંગ લાવી... રફી-લતા 'તાજમહલ' નું ગીત 'જો વાદા કીયા વો નિભાના પડેગા' અને 'ચોરી ચોરી' શંકર-જયકિશન, હસરત, મન્નાડે - લતાનું ગીત 'આજા સનમ મધુર ચાંદની મેં હમ, તુમ મિલે તો વિરાને મે આયેગીં બહાર' બધું જ કલાસિક...

'હસતે જખ્મ' રફી-લતાનું ગીત કૈફી આઝમીના શબ્દો, અને સુપર્બ ફ્યુઝન સંગીત આપનાર મદન મોહન 'તુમ જો મિલ ગયે હો તો યહ લગતા હૈ, કે જયાં મિલ ગયા...' માસ્ટર પીસ ગીત સાથે પ્રોગ્રામ સંપન્ન... ગીતોની પસંદગી, ગાયકો અને સંગીતકારોને ડિસ્ટીંકશન માર્ક્સ... રસદર્શન કરાવતાં કિન્તુ ગઢવી, ભાષા ખુબ જ સુંદર, માહિતી ઘણી ભેગી કરી લાવેલાં પણ ગુગલ સર્ચમાં કોઇ ખોટી વેબ સાઇટ પકડી હોય એવું લાગ્યું, ફિલ્મ, ગીત, સંગીતકારની માહિતીમાં અનેક છબરડાં વાળ્યાં.. રજૂઆત સરસ કરે છે પણ સત્ય માહિતીના અભાવે જાણકાર શ્રોતાઓએ પકડી પાડ્યાં... બંને સંસ્થા અને સ્ટેજ આર્ટીસ્ટ શ્રોતાઓએ પુરા પૈસા વસૂલ કર્યા... આમેય જૂનું એટલું સોનું, 'પુરાની યાદેં' ખરેખર ઘણી યાદો તાજી કરાવી ગયું...